Knowledge Consortium of Gujarat
Department of Higher Education - Government of Gujarat
Journal of Humanity
ISSN: 2279-0233

Continuous issue-23 | April – May 2016

# વ્યાકરણ શાસ્ત્રનાં આધારસ્થાન તરીકે વેદ

પ્રાચીન પરમ્પરા અનુસાર વેદને બધા જ્ઞાન અને વિજ્ઞાનનો સ્ત્રોત માનવામાં આવે છે. વેદોમાં બધા મૌલિક, તત્વોની ઉદ્ભાવના કરવામાં આવી છે.કલા અને વિજ્ઞાનની બધી પ્રક્રિયાઓનું સૂત્ર – રુપમાં વૈદિક સાહિત્યમાં દર્શન થાય છે. કેવળ વ્યાકરણ જ નહી, પરન્તુ દર્શન, વિજ્ઞાન, ગણિત, જ્યોતિષ, ધર્મશાસ્ત્ર,આચારશાસ્ત્ર, મનોવિજ્ઞાન, આયુર્વેદ વગેરેનું જે – તે સ્થાને વિસ્તૃત વિવરણ મળે છે. મહર્ષિ દયાનન્દે પણ આ પ્રાચીન ઋષિ સમ્મત વ્યવસ્થાનો ઉલ્લેખ આર્યસમાજના તૃતીય નિયમમાં કર્યો છે કે "વેદ બધી સત્યવિદ્યાઓનું પુસ્તક છે." મહર્ષિ દયાનન્દના આ કથનની પુષ્ટિ સૌ પ્રથમ યાસ્કના નિરુક્ત અને પતંજલિ કૃત મહાભાષ્યમાં મળે છે.

સર્વ પ્રથમ **व्या + कृ** નો વ્યાકરણ, વિવેચન અથવા વિશ્લેષણ અર્થમાં પ્રયોગ યજુર્વેદમાં પ્રાપ્ત થાય છે.

**दृष्ट्वा - रुपे व्याकरोत् सत्यानृते प्रजापतिः ।**
**अश्रद्धामनृतेऽदधाच्छ्रद्धां सत्ये प्रजापतिः ।।**

અહીં પ્રથમ વૈયાકરણ પ્રજાપતિ અર્થાત્ બ્રહ્માને (પરમાત્માને) માનવામાં આવ્યા છે. તેણે જ સર્વપ્રથમ સત્ય અને અનૃતનું વ્યાકરણ (વિવેચન, વિશ્લેષણ) કર્યું.

વ્યાકરણ એ વિદ્યા છે જેના વડે કોઈ ભાષાના શબ્દોના પ્રકારો અને પ્રયોગના નિયમો વગેરેનું નિરુપણ થાય છે. વ્યાકરણના મુખ્યતઃ ત્રણ વિભાગ છે. (૧) વર્ણવિભાગ (૨) શબ્દ વિભાગ (૩)વાક્ય વિભાગ

(૧) **વર્ણવિભાગ** માં અક્ષરોના આકારો અને ઉચ્ચારણનું વિધાન છે.

(૨) **શબ્દ વિભાગથી** શબ્દોના ભેદ રુપ વગેરેનું જ્ઞાનથાય છે.

(૩) **વાક્યવિભાગ**માં વાક્યરચનાનું વિધાન કરવામાં આવ્યું છે.

વાસ્તમાં શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરૂક્ત, જ્યોતિષ અને છન્દ વેદના અંગો છે. અને માટે જ વેદાંગ કહેવાય છે. વેદનું અધધ્યયન અંગોપાંગ સાથે જ યોગ્ય રીતે થઈ શકે, માટે મહર્ષિ પતંજલિ મહાભાષ્યમાં સ્પષ્ટ લખે છે,

**ब्राह्मणेन निष्कारणो षडंगो वेदोऽध्येय ज्ञेयश्च ।**

આ વેદાંગોમાં નિરુક્ત અને વ્યાકરણ વેદાર્થના મુખ્ય સાધન છે. માટે જ યાસ્ક મુનિ નિરુક્ત શાસ્ત્રના અધ્યનના પ્રયોજન બતાવતા લખે છે.

**अथापीदमन्तरेण मन्त्रेष्वर्थप्रत्यतो न विधते ।**

**अर्थमप्रतियतो नात्यन्तं स्वरसंस्कारोदेशस्तिददं विद्या स्थानं**
**व्याकरणस्य कार्त्सन्यं स्वार्थसाधकं च ।। १ ।।**
**अथापीदमन्तरेण पदविभागो न विद्यते, अथापि याज्ञे - दैवतेन**
**बहवः प्रदेशा भवन्ति तदेतेनोपेक्षितव्यम् ।**

**अथापि ज्ञानप्रशंसा भवत्य ज्ञाननिन्दा च ।।२।।**

અર્થાત્ (૧) આ નિરુક્તશાસ્ત્ર વગર અર્થનું પરિજ્ઞાન થતું નથી. જે અર્થને નથી જાણતા તે સ્વર સંસ્કાર અર્થાત્ (પ્રકૃત્તિ - પ્રત્યય રૂપ) વગેરેનું યોગ્ય અવધારણ કરી શકતા નથી. માટે જ આ શાસ્ત્ર અર્થનું અવબોધન કરાવનારુ સાધક હોવાથી નિર્વચન વિદ્યાનું સ્થાન છે. તથા વ્યાકરણ શાસ્ત્રની પૂર્ણતા કરવાવાળું અને મન્ત્રાર્થ બોધનું સાધન છે.

(૨) નિરુક્ત વગર પદ સમ્બન્ધી જ્ઞાન થતુ નથી તથા યજ્ઞ કર્મોમાં દેવતા દ્વારા ઘણા વિધિનિદેશો કરવામાં આવે છે, તે દેવતા સમ્બન્ધી જ્ઞાન આ નિરુક્ત શાસ્ત્ર દ્વારા જ જાણવું પડે. અને જે અર્થને જાણે છે તેની જ સંસારમાં પ્રશંસા થાય છે.

આ ઉદ્ધવરણોથી સ્પષ્ટ છે કે મહામુનિ યાસ્કના મતે નિરુક્ત અને વ્યકારણ વેદાર્થના મુખ્ય સાધન છે. વસ્તુતઃ નિરુક્ત અને વ્યાકરણનો સમવાય સમ્બન્ધ છે. સાથોસાથ વ્યાકરણ એ વેદાંગ છે તો વ્યાકરણ વિદ્યાનો મૂલાધાર વેદ છે. આગળ જણાવ્યું છે તેમ વેદ બધી સત્ય વિદ્યાઓનો ભંડાર છે તો વ્યાકરણ વિદ્યાનો મૂલાધાર વેદ કેમ ન હોય ?

**વૈદિક વ્યાકરણની વિશેષતાઃ**

વૈદિક વ્યાકરણ વર્ણમાલા, ધાતુપાઠ, પ્રત્યય, નિયમ, ત્રણલિંગ, ત્રણવચન, આઠ વિભક્તિ, દશ લકાર, સન્ધિકૌશલ અને સ્વરવિજ્ઞાનમાં પૂર્ણ સમર્થ છે. જ્યારે આ સમસ્ત પ્રત્યંગોનો વાક્યમાં પ્રયોગ થાય છે, ત્યારે તે વાક્ય નિશ્ચિત અને અટલ બની જાય છે. તે વખતે એ વાક્યોમાં જે કહેવામાં આવેલુ તે જ સ્વરુપમાં તે અન્ય પાસે પહોંચે છે. સહસ્ત્રો વર્ષો સુધી એ વાક્યનો એ જ અર્થ થશે જે તેના  નિર્માણની સાથે નિશ્ચિત થયો હતો. તેનું કારણ એ જ છે કે તે વાક્ય તેની વર્ણમાલા, સ્વર, ધાતુ તથા વ્યાકરણના અન્ય નિયમોમાં ચોક્કસ રીતે ગ્રથિત છે.

વૈદિક વ્યાકરણની આ વિશેષતા સંસારના અન્ય કોઇ વ્યાકરણમાં નથી. વૈદિક વ્યાકરણમાં સંક્ષેપનો દોષ નથી. પરન્તુ વિસ્તારનો ગુણ છે. વૈદિક વ્યાકરણ ભાષા વિસ્તારમાં સહાયક છે, બાધક નથી. સાથોસાથ વૈદિક વ્યાકરણ ભાષાને એક નિશ્ચિત સ્વરુપ પ્રદાન કરે છે.

વૈદિકવ્યાકરણમાં સૌથી મહત્વની વાત સ્વરવિજ્ઞાનની છે, જે વિશ્વની અન્ય કોઈ ભાષામાં નથી. વેદ-ભાષા સ્વરો દ્વારા અર્થને નિશ્ચિત કરે છે. માટે વેદ અત્યન્ત પ્રાચીન હોવા છતાં પ્રક્ષેપ રહિત છે. પરિવર્તન રહિત અને પૂર્ણવર્ણમાળાયુક્ત ભાષાની રચના પરમેશ્વરની પ્રેરણા વગર શક્ય નથી

વૈદિકભાષા અપૌરુષેય હોવાથી તેની વર્ણમાળા પણ અપૌરુષેય માનવી પડે માટે જ તેની વર્ણમાળા નો પ્રત્યેક વર્ણ સાર્થક છે. અર્થાત્ વર્ણ અને શબ્દની વચ્ચે તથા શબ્દ અને વાક્યની વચ્ચે વૈજ્ઞાનિક સમ્બન્ધ છે. જે અર્થ ધ્વનિની સાથે કાર્યકારણ ભાવ બતાવે છે. શબ્દરુપી અંગ એવી રીતે સુગ્રથિત છે કે જેવી રીતે ધડની સાથે જોડાયેલ અંગઉપાંગો. જે ભાષાઓ અકસ્માત ઉદ્ભૂત થાય છે. તેમાં કારણ – કાર્યની વિશેષતા નથી હોતી. પરન્તુ વેદનો પ્રત્યેક શબ્દ વર્ણાનુસાર અર્થ આપે છે. અને વર્ણ તેની બનાવટથી અર્થ સૂચિત કરે છે.

**વૈદિક વ્યાકરણનું અક્ષર વિજ્ઞાનઃ**

વૈદિક વ્યાકરણમાં કુલ ૬૪ વર્ણ (અક્ષર) છે. તેના બે ભેદો છે (૧) સ્વર (૨) વ્યંજન

**સ્વરઃ** સ્વર એ વર્ણોને કહેવાય છે જેનું ઉચ્ચારણ સહજ અને સ્વતંત્ર રીતે થઈ શકે. અને જે વ્યંજનોના ઉચ્ચારણમાં સહાયક હોય.

**વ્યંજનઃ**જે વર્ણોના ઉચ્ચારણમાં સ્થાન અને પ્રયત્ન બંનેની આવશ્યકતા પડે અને જે સ્વરની સહાયકતા વગર બોલી ન શકાય.

વાસ્તવમાં વૈદિક વ્યાકરણમાં મુખ્યતઃ ૧૭ અક્ષર છે. આ ૧૭ અક્ષરોમાં अ, इ, उ, ऋ, અને ऌ પાંચ સ્વર છે. क, ग, च, ज, ट, ड, त, द, प, અને व દસ વ્યંજન છે. તથા ö(T) અનુસ્વાર અને (:) વિસર્ગ બે મધ્યસ્થ છે. આ ૧૭ અક્ષરોના પરસ્પર મિશ્રણ અને સંયોગથી ૬૪ અક્ષર થાય છે. (अ+अ)= મળવાથી आ, (आ+आ)=आ અને (आ + अ) = आ પ્લુત બને છે.

આ જ રીતે इ, उ, ऋ, અને ऌ નો પણ વિસ્તાર થાય છે. અને એ રીતે હ્રસ્વ, દીર્ઘ, અને પ્લુત ભેદથી ત્રણ – ત્રણ રુપ બને છે. આ રીતે अ થી ऌ સુધીના સ્વરના ભેદો ૧૫ છે.

ए, ए, ऐ પ્લુત, ऐ, ऐ પ્લુત, ओ, ओ પ્લુત, ओ, औ પ્લુત,

ફરી તથા अं, अः આ ૧૦ સ્વર બીજા છે. આ રીતે બધા મળીને કુલ બધા સ્વરો ૨૫ થાય છે.

અહીં अ, इ, उ, ऋ અને ऌ, સ્વતંત્ર સ્વરો છે. જ્યારે ए, ऐ, ओ, औ, अं, अः મિશ્રિત છે. ञ,ण, न, ड, म ૧૭ અને υ અને ँ એ સમસ્ત સાનુનાસિક વર્ણ અનુસ્વારથી તથા ह, स, श, ष, વગેરે વિસર્ગોથી બન્યા છે. વિસર્ગોમાં अ મેળવવાથી ह બને છે. ह એટલે કે વિસર્ગોમાંથી

***अ + इ = ए, आ + इ = ऍ,**

*** अ + उ = ओ તથા आ + उ = औ બને છે.**

*** अ + अं = अं તથા अ +** (:) + **अः બને છે.**

ज નો स બને છે. અને આ જ स ट વર્ગનો હોવાથી ष તથા च વર્ગની સાથે આવતા श બની જાય છે.

क, ग, च, ज, ट, ड, न, द, प અને ब માં ह મેળવવાથી ક્રમશઃ ख, घ, छ, झ, ठ, ढ, थ, ध, फ અને भ બને છે. (इ + अ) મળીને 'य' (ऋ + अ) મળીને र મળીને 'र' (ऌ + अ) અને 'ल' મળીને (उ + अ) બન્યા છે.

આ જ રીતે (क + ष) મળીને क्ष (त + र) મળીને त्र અને (ज + ञ) મળીને ज्ञ બન્યો છે. આ રીતે ૨૫ સ્વરના क વગેરે પાંચ વર્ગો અને य, र, ल, व, श, ष, स, ह, क्ष, त्र, વર્ણો મળીને ૬૩ અક્ષર થાય છે.તેમાં એક જ અર્ધચંન્દ્ર મેળવવાથી કુલ કુલ ૬૪ અક્ષર બને છે.

યજુર્વેદના ९।३१-६४ માં આ જ ૧૭ મૂલાક્ષરોનો સ્પષ્ટ નિર્દેશ છે.

મહર્ષિ પાણિનિએ પણ લખ્યું છે કે, "त्रिषुष्टिं चतुः षष्टिर्वा वर्णा शम्भुमते मताः" યજુર્વેદના મતે જે મન્ત્રોનો ઉપર નિર્દેશ કર્યો છે તેમાં માત્ર ૧૭ મૂળાક્ષરો જ નહીં પરન્તુ પ્રમુખ સ્વરો અને શેષ વ્યંજનોનો પણ સમાવેશ થઈ જાય છે. આ પ્રમાણે બધા જ વેદોમાં વૈદિક વ્યાકરણની પુષ્કળ સામગ્રી આદિથી અન્ત સુધી દૃષ્ટિગોચર થાય છે.

**(१) अग्निरेकाक्षरेण....................................अश्विनौ द्वयक्षरेण ।**
**विष्णुस्त्रयक्षरेण.............................सोमश्चतुरक्षरेण ।।**
**(२) पूषा पञ्चाक्षरेण................................सविता षडक्षरेण ।**
**मरुतः सप्ताक्षरेण...........................बृहस्पतिरष्टाक्षरेण ।।**
**(३) मित्रो नवाक्षरेण............................वरुणोदशाक्षरेण ।**
**ईन्द्रो एकादशाक्षरेण........................विश्वे देवा द्वादशाक्षरेण ।।**
**(४) वसवस्त्रयोदशाक्षरेण..............................रुद्रश्चतुर्दशाक्षरेण... आदित्यः पञ्चदशाक्षरेण ।**
**अदितिः षोडशाक्षरेण..................................प्रजापतिः सप्तदशाक्षरेण ।। (यजु ९।३१...३४)**

ઉદાહરણ તરીકે ઋગ્વેદ મંડળ૧ના પ્રથમ મન્ત્ર"अग्निमीडे पुरोहित" એ મન્ત્રમાં જ ૮સ્વર તથા ૧૭વ્યંજન છે.

**વૈદિક વ્યાકરણ ધાતુ વિજ્ઞાનઃ**

વૈદિક વ્યાકરણમાં એક જ અક્ષર પ્રત્યય, અવ્યય, સંજ્ઞા, અથવા ધાતુના રુપમાં વ્યવૃહત થવાથી અનેકાર્થવાચી બને છે. પ્રાચીન વૈદિક ઋષિ અક્ષરાર્થનું જ્ઞાન ધરાવતા તથા સ્વરોની શૈલીથી જ મન્ત્રાર્થ કરતા.

ઉપર જે ૬૪ અક્ષરોનું વર્ણન કર્યું તેમાંથી જ ધાતુઓ બન્યા છે અને એ જ ધાતુઓમાંથી શબ્દ તથા તે જ શબ્દમાંથી વાક્ય અર્થાત્ વેદમન્ત્રો ઉદ્ભવ્યા છે.

કેવી રીતે એક એક અક્ષરવૈજ્ઞાનિકઅર્થ ધરાવે છે તથા કેવી રીતે તે પોતાની બનાવટ, ધ્વનિ, પ્રભાવ અને લિપિથી વૈજ્ઞાનિક સિદ્ધ થાય છે તે વિસ્તાર ભયને કારણે માત્ર ટૂંકમાં સમજીએ.

| | | |
|---|---|---|
| अ | - | पूर्ण, व्यापक, अव्यय, एक, अखण्ड, अभाव, शून्य। |
| इ | - | ગતિ, નજીક |
| ए | - | ગતિહિન, નિશ્ચલ, પૂરણ, અવ્યય. |
| उ, ऊ | - | ઉપર, દૂર, તે તથા વગેર. |
| आ | - | ચારે બાજુથી |

| | | |
|---|---|---|
| ओ | - | અન્ય નહીં, તે જ, બીજુ નહી |
| ऋ | - | સત્ય, ગતિ, બહાર |
| ऌ | - | સત્ય, ગતિ, ભીતર (અંદર) |
| क | - | બાંધવું, બળવાન, મોટું, પ્રભાવશાળી, સુખ |
| ख | - | આકાશ, અવકાશ, છિદ્ર |
| ग | - | ગમન, સ્થાન છોડવું, જુદા પડવું |
| च | - | ફરી, પુનઃ, અન્ય, ભિન્નવગેરે |
| द | - | ગતિ આપવી, ઓછુ કરવું |
| न | - | ના |
| प | - | રક્ષા કરવી |
| भ | - | પ્રગટ, બહાર, પ્રકાશ |
| म | - | નહીં |
| र | - | આપવું, રમણ કરવું |
| ल | - | લેવું, રમણ કરવું |
| ह | - | નિશ્ચય, અન્ત, અભાવ, સંકોચ, નિષેધ |

વાસ્વમાં અક્ષરાર્થમાં જ અનેક અર્થોનો ભાવ વ્યંજિત થઈ જાય છે. પરન્તુ જ્યારે કોઈ અક્ષર એક બીજામાં મળીને ધાતુ રુપ ધારણ કરે છે તો એ મિશ્રણથી બીજા પણ અનેક પદાર્થો ઉત્પન્ન થાય છે. માટે જ પતંજલિ મુનિએ મહાભાષ્યમાં જણાવ્યું છે કે “बह्वर्थापि धातवो भवन्ति।” અર્થાત્ ધાતુ ઘણા અર્થવાળા હોય છે.

અહીં કેટલાંક ધાતુઓનાં વર્ણનું વિશ્લેષણ કરીને એ બતાવવાનો પ્રયત્ન કર્યો છે કેવી રીતે તે અક્ષરાર્થને અનુકૂળ છે.

| | | |
|---|---|---|
| भग् | = | भ – પ્રકાશ, ગતિ અર્થાત્ ગતિમાન પ્રકાશ = ઐશ્વર્ય. |
| आप् | = | आ – ચારેબાજુથી, प = રક્ષા કરવી અર્થાત્ ચારે બાજુએથી રક્ષા કરનાર. |
| अद् | = | अ = નહિ द = આપવું – નહિ આપવું = લઈ લેવુ |
| भू | = | भ = પ્રકાશ, ऊ = દૂર સુધી અર્થાત્ દૂર સુધી પ્રકાશ |

आप्लृ = आ = બધી બાજુથી, भ = રક્ષા કરવી, लृ = અંદર અર્થાત્ બધી બાજુથી અંદર રક્ષા કરવી.

चर = च = વારંવાર, र = બહારની તરફની ગતિ અર્થાત્ વારંવાર ગતિ કરવી ચાલવું.

मर = म = નહી र = ક્રિયા નહિ – અસ્તિત્વ નહી – (મૃત્યુ પામવું)

मख् = म = નકાર નહી ख = અર્થાત્ છિદ્ર અથવા તો ત્રુટિ રહિત કર્મ = શ્રેષ્ઠતમ કર્મ યજ્ઞ

हन = ह – નિશ્ચય न – નકાર – નિશ્ચયપૂર્વક નહીં. અર્થાત્ બિલકુલ અભાવ

**સન્ધિ વિજ્ઞાન**

વૈદિક વ્યાકરણમાં સન્ધિ વિજ્ઞાનની રચના પણ બુદ્ધિ પૂર્વક કરવામાં આવી છે. સન્ધિ વિજ્ઞાન બે વાતો પર આધાર રાખે છે. એક તો વર્ણમૈત્રી પર અને બીજુ સુખોચ્ચારણ પર વર્ણ મૈત્રીનો સિદ્ધાંત ઘણું કરીને એકજ સ્થાનથી ઉચ્ચારિત થવા વાળા વર્ણોમાં જોવા મળે છે. પરંતુ સુખોચ્ચારણરો સિદ્ધાન્ત સરળતા પર અવલમ્બિત છે.

**વર્ણ મૈત્રીનો સિદ્ધાન્તઃ**

ट કારની જ્યારે स કાર સાથે સન્ધિ થાય છે. ત્યારે स કારનું રુપ ष થઈ જાય છે. એ જ રીતે ऋ ની સાથે જ્યારે स આવે તો ત્યાં પણ ‘ष’ થઈજાય છે જેમ કે कष्ट, रूष्ट, पुष्ट, वर्षा વગેરે.

આનું કારણ એ છે કે ऋ, कृ અને ष નું ઉચ્ચારણસ્થાન એક જ છે.

એ જ રીતે च અને श નું ઉચ્ચારણસ્થાન પણ સમાન છે. આ જ રીતે પ્રત્યેક વર્ગના પ્રત્યેક વર્ણ પોતાના જ વર્ગના અનુનાસિક સાથે જોડાય છે. બીજાની સાથે નહિ જેમકે गङ्गा, चञ्चल, पण्डित વગેરે પરન્તુ જે વર્ણોની પાસે કોઈ પોતાનો આનુનાસિક નથી ત્યાં અનુસ્વારનો પ્રયોગ થાય છે. જેમકે संसार, वंश, हंस, વગેરે.

**સુખોચ્ચારણનો સિદ્ધાંન્તઃ**

सत् અને चरित्र બન્ને શબ્દો એક સાથે બોલવામાં મુશ્કેલી પડે છે, કારણ કે त દન્ત્ય છે. તેનું ઉચ્ચારણ દાંતની પાસેથી, તથા च તાલવ્ય છે. તેનું ઉચ્ચારણ તાળવામાંથી (તાલુસ્થાન) થાય છે. આ મુશ્કેલીને દૂર

કરી સરળ ઉચ્ચારણ કરવા માટે त કારનો પણ च કાર કરી सत् + चरित्र - सच्चारित्र બન્યું. એજ રીતે बृहत + जातक - बृहज्जातक અને सत्+इच्छा -सदिच्छा વગેરે પ્રયોગો કરવામાં આવે છે.

એ જ પ્રકારે વર્ણવર્ગનો તૃતીય અક્ષર ‘હ’ ની સાથે આવવાથી ચતુર્થ બની જાય છે. જેમકે

बृहद् + हवन =बृहद्धवन।

આ ભાષાની રચના પણ ઉપર્યુક્ત સિદ્ધાન્ત પર જ થઈછે.કારણ કે વર્ણાર્થ ધરાવતી ભાષા જો સન્ધિમાં સુખદ અને સ્વાભાવિક વર્ણવિપર્યયની શક્યતા ધરાવનારી ન હોય તો ભાષાની દુરુહતા વધી જાય. ભાષાને અવિચલ અને સાર્થક રાખવા માટે જ આટલા કૌશલની સાથે અક્ષરવિજ્ઞાન, ધાતુવિજ્ઞાન અને સન્ધિવિજ્ઞાનનું આયોજન કરવામાં આવ્યું છે. માટે જ વૈશેષિક દર્શનહાર ઋષિ કણાદે કહ્યું છે,
“बुद्धिपूर्वा वाक्य कुतिर्वेदे” અર્થાત્ વેદવાણીની રચના પરમેશ્વરની બુદ્ધિપૂર્વકની રચના છે.
અન્તમાં એટલું જ કહેવાનું કે અપૌરુષેય (ઈશ્વરકૃત) છે. જેમકે ઋગ્વેદમાં પણ કહેવાયુ છે- ‘देवी वाचमजयन्तःदेवाः’ અર્થાત્ વેદોની ભાષા દેવભાષા છે અને વિશ્વની સમસ્ત ભાષાઓની જનની છે. યાસ્કે જણાવ્યું છે કે આ જ્ઞાન પ્રવરોએ અવરોએ આપ્યું.પરન્તુ ઈશ્વરથી પૂર્વ ગુરુ નહોતા. તે જ આદિ ગુરુ છે.. મહર્ષિ પતંજલિએ એ પણ આવો જ મત વ્યક્ત કર્યો છે.

નિઘણ્ટુમાં વૈદિક શબ્દોનો સંગ્રહ છે. માટે તે વૈદિક શબ્દકોષ કહી શકાય તેમ છે. નિઘણ્ટુની વ્યાખ્યા નિરુક્ત છે. નિરુક્તકાર યાસ્કે નિઘણ્ટુના પ્રત્યેક શબ્દની વિદ્વત્તાપૂર્ણ વ્યુત્પતિ કરી છે. યાસ્કની પૂર્વે પણ ઘણા વૈયાકરણો થયા કારણકે યાસ્કે તેમના ગ્રંથમાં અનેક પૂર્વવર્તી આચાર્યોનો ઉલ્લેખ કર્યો છે. યાસ્ક પછી પાણિનિની પૂર્વે પણ અનેક વૈયાકરણો થયા હશે કારણકે પાણિનિએ ઉણાદિકોષમાં કેટલાક પ્રાચીન વૈયાકરણનો પણ ઉલ્લેખ કર્યો છે. પાણિનિની ‘અષ્ટાધ્યાયી’ વ્યાકરણશાસ્ત્રનો એક સર્વોત્કૃષ્ઠ ગ્રંન્થ છે. ભાષા સમ્બન્ધી આ આવિષ્કાર ભારતવર્ષમાં આજથી હજારો વર્ષો પહેલા થઈ ચૂક્યો છે. જેનું મૂળ આધારસ્થાન તો વેદ જ છે.

## સન્દર્ભગ્રન્થો

(१) आर्यसमाज के दस नियमो की व्याख्या, सत्यानन्द - आर्यसमाज हिण्डौन सी.टी.

(૨) નિરુક્ત, સંમ્પાદકઃ વી.એમ.ભટ્ટ, સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ.

(૩) નિરુક્ત - વેદાર્થદીપકભાષ્ય, પં.ચન્દ્રમણિ વિદ્યાલંકાર, આર્ષકન્યા ગુરુકુલ નરેલા - દિલ્હી

(૪) યજુર્વેદ ભાષ્યમ્ - સ્વામી દયાનન્દ સરસ્વતી, વૈદિક યન્ત્રાલય – અજમેર

(૫) વેદાર્થ ભૂમિકા – સ્વામિ વિદ્યાનન્દ સરસ્વતી, ઈન્ટરનેશનલ આર્યન મુમ્બઈ.

(૬) સત્યાર્થપ્રકાશ, પ્રકાશન આર્યવન વિકાસ ફાર્મ ટ્રસ્ટ, રોજડ.

******************************************************************

ડૉ. વિષ્ણુ પુરોહિત

અધ્યક્ષ – સંસ્કૃત વિભાગ,

સરકારી વિનયન કૉલેજ, ગાંધીનગર

Copyright © 2012- 2016 KCG. All Rights Reserved. | Powered By : Knowledge Consortium of Gujarat